[VOLUME 5 I ISSUE 3 I JULY – SEPT 2018]
http://ijrar.com/

e ISSN 2348 –1269, Print ISSN 2349-5138
Cosmos Impact Factor 4.236

# જ્યોતિગ્રામ યોજનાથી ગુજરાત રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં આવેલા પરિવર્તનો

Dr. Sanjay M. Patel
Principal
Govt. Arts & Commerce College Khergam

Divyesh S. Patel
Ph.D. Scholars Economics Department
V.N.S.G.U Surat,Gujarat

Received: May 29, 2018
Accepted: July 10, 2018

પ્રસ્તાવના :-

ભારતમાં વિકેન્દ્રિકરણની સાથે-સાથે નાના પ્રદેશો પોતાની જરૂરિયાતો પોતાના ઘર આંગણેજ પૂરી થાય એ માટે તૈયાર થઇ રહ્યા છે. ત્યારે ગામડાંઓમાં વસેલા લોકોની અનેક જરૂરિયાતમાંની એક જરૂરિયાત ગામે-ગામે ઘરઆંગણે સતત થ્રી ફેઝ વીજળી મળી રહે તે પણ રહી છે. વીજળી એ માનવ જીવનની એક અગત્યની તેમજ માનવ જીવનના સામાજિક અને આર્થિક જીવનધોરણ ઉપર ગુણક અસર ઉપજાવી શકે તેવું સામર્થ્ય ધરાવે છે. વીજળીની ગણનાએક ચીજવસ્તુ કે સેવા તરીકે થાય છે. આમ.વીજળીએ માનવજીવનના દરેક ક્ષેત્રમાં વ્યાપ્ત થયેલ અને ઉપકારક મૂલ્ય ધરાવતી મૂલ્યવર્ધીત ચીજ પૂરવાર થયેલ છે.

સામાન્ય રીતે સરકાર દ્વારા લોકોની સમસ્યાઓ દૂર કરવા માટે વિવિધ યોજનાઓ અને પ્રોજેક્ટો શરૂ કરવામાં આવે છે. જેના કારણે લોકોની મુશ્કેલીઓ કે સમસ્યાને અમુક અંશે હળવી કરી શકાય છે. અને લોકોને થોડા – ઘણા અંશે રાહત મળી રહે છે. આવી વિવિધ યોજનાઓમાં જ્યોતિગ્રામ યોજનાનો પણ સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી ' જ્યોતિગ્રામ યોજનાનો ઉદેશ ગ્રામીણ વિસ્તારમાં વસતા માનવીના સર્વાંગી સુખાકારી માટે. તેમનું જીવન ધોરણ ઉંચું લાવવા માટે. કૃષિ ક્ષેત્રનો વિકાસ તેમજ કૃષિ ઉત્પાદન માં વધારો અને ગ્રામીણ વિકાસમાં તેજ ગતિ લાવવાનો તેમજ ગ્રામીણ વિસ્તારમાં આમૂલ પરિવર્તન લાવવાનો છે. આ બાબત ત્યારે જ શક્ય બને જ્યારે વીજળી જેવી પાયાની માળખાકીય સુવિધા ગ્રામીણ વિસ્તારોમાં ૨૪ કલાક ઉપલબ્ધ હોય. વીજ ઉત્પાદન અને વીજમાર્ગ વચ્ચે ઘણો તફાવત હોય છે. રાજ્યની સમગ્ર વીજમાંગને એકસાથે સંતોષવી મુશ્કેલ હતી. ગ્રામીણ ફીડરો ઉપર લોડ શેડીંગ કરવામાં આવતુ હતું. જેને કારણે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોમાં એક પ્રકારની અસંતોષની લાગણી પ્રવર્તતી હતી. આ પરિસ્થિતિને કાયમી ધોરણે અને ખાનગી માલીકી કંપનીને અલગ – અલગ કરવા સૂચન કરવામાં આવ્યું હતું. આમ. બદલાતા સમયની જરૂરિયાત પ્રામાણે ગુજરાતમાં વીજળી ક્ષેત્ર હંમેશા પરિવર્તનશીલ અને સંવેદન રહ્યુ છે.

' જ્યોતિગ્રામ યોજના' એક નવીન અભિગમ ધરાવતું કાતિકારી પગલું છે. આ યોજના ગુજરાત સરકાર તેમજ સ્થાનિક સંસ્થાઓ અને લોકભાગીદારી દ્વારા થતી નાંણાકીય સહાય દ્વારા અમલમાં છે. રાજ્યની ગ્રામીણ વસ્તીના જીવનધોરણમાં સુધારો લવવાના ઉદેશ સાથેનો એક ખાસ કાર્યક્રમ છે.

## ૧.૧ જ્યોતિગ્રામ યોજનાનો પરિચય :-

ભારત દેશમાં વીજળીનો સૌ પ્રથમ વપરાશ ૧૮૯૭ માં અને સૌ પ્રથમ વીજ ઉત્પાદન ૧૯૦૨માં કર્ણાટકમાં શિવસમુદ્રમ ખાતે જળ વિધુત મથક દ્વારા થયું હતું. ભારત દેશ ૧૯૪૭ માં આઝાદ થયો ત્યારે દેશનીકુલ વીજ ઉત્પાદન ક્ષમતા ૧૩૬૩મેગાવોટ હતી. તે વખતે ખાનગી વીજ ઉત્પાદન કંપની દ્વારા અમુક શહેરી વિસ્તારોને જ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવતો હતો.

ગ્રામીણ વિસ્તારમાં વિજળી ક્ષેત્રે સુધારણા લાવવા માટે ગુજરાત સરકારની મદદથી ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા. ૦૩-૦૯-૨૦૦૩ થી જ્યોતિગ્રામ યોજનાની શરૂઆત કરવામાં આવી. આ યોજના અંતર્ગત ગુજરાતના બિન ખેતી ક્ષેત્રે ૨૪ કલાક માટે થ્રી ફેઇઝ વીજળીનો પુરવઠો મળી રહે તેમજ ખેડુતોને પણ અગાઉથી નક્કી કરેલા સમયપત્રક પ્રમાણે દિવસ દરમિયાન ૮ કલાક ગુણવતા યુક્ત થ્રી ફેઇઝ વીજળી પુરી પાડવાની ખાતરી આપે છે. આ યોજના હેઠળ ખેતી ના ઉપયોગ અને અન્ય ઉપયોગ માટેના ફીડર અલગ – અલગ સબ સ્ટેશન દ્વારા વીજ ફીડરને અલગ કરી દેવામાં આવ્યા છે.

જ્યોતીગ્રામ યોજના તા. ૦૩-૦૯-૨૦૦૩થી શરૂ કરવામાં આવી ત્યારે પ્રારંભિક તબક્કામાં જ્યાં ખેતીલક્ષી વીજ વપરાશ વધુ હતો તેવા આઠ જિલ્લાઓમાં આ યોજનાનો અમલ થયો અને બાકીના જિલ્લામાં ૧૭-૧૧-૨૦૦૪ થી આ યોજનાનો અમલ થયો છે. તા. ૩૧- ૦૩ – ૨૦૦૬ ના અંતે રાજ્યના ૧૭૭૨૧ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવમાં આવ્યા.અને ત્યાર બાદ વર્ષ ૨૦૦૬-૦૭ માં ૧૦૫ ગામો અને વર્ષ ૨૦૦૭-૦૮ માં ૩૨ ગામોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આમ. તા. ૩૧-૦૩-૨૦૦૮ ના અંતે ૧૭૮૫૮ ગામોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. અને હાલ ના એહવાલ પ્રમાણે તા.



TRUE COPY
Principal,
Govt. Arts, Commerce & Science College
Khergam, Dist. Navsari.
Code No. : 530
Scanned with OKEN Scanner

૨૪-૦૪-૨૦૧૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં કુલ ૪,૫૪,૯૨૨ વીજ જોડાણો આપવામાં આવ્યા છે. જેમાં નવસારી જિલ્લામાં કુલ ૧૨૨૦૮ વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

જ્યોતિગ્રામ યોજનાનું અર્પણ તા. ૧૧-૧૧-2006 ના રોજ ભારતના ભૂતપૂર્વ રષ્ટ્રપતિશ્રી ડૉ. એ.પી.જે.અબ્દુલ કલામના હસ્તે ગુજરાતનું પવિત્ર યાત્રાધામ પાવાગઢ (ચાંપાનેર) ખાતે કરવામાં આવ્યું હતું.

૧.૧.૧ રાજ્યમાં યોજનાનો અમલ કરનાર સંસ્થા:-

જ્યોતિગ્રામ યોજના નું અમલીકરણ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની પેટા કંપનીઓ U.G.V.C.L. M.G.V.C.L. D.G.V.C.L. અને P.G.V.C.L દ્વારા કરવમાં આવ્યું. યોજનાનો અમલ આ ચાર વીજ કંપનીઓની કુલ ૧૯ વર્તુળકચેરીઓ. તેમની ૮૦ વિભાગીય કચેરીઓ અને ૪૨૯ પેટા વિભાગીય કચેરીઓ મારફતે થયો છે.

જ્યોતિગ્રામ યોજનાની ગ્રામીણ વિસ્તારમાં આવેલ પરિવર્તનો :-

1. ગ્રામ્ય જીવનમાં આવેલ પરિવર્તન:-

જ્યોતિગ્રામ યોજનાના કારણે ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં આજે ૨૪ કલાક ગુણવત્તાસભર વીજપુરવઠો મેળવી રહ્યા છે જેના કારણે ગ્રામ્ય લોકોના દૈનિક જીવનમાં સુધારો થયો છે. એક સમયે પાવરકટ સામાન્ય બાબત હતી તેવું હવે રહ્યું નથી. એજ રીતે વોલ્ટેજની વધઘટ સમસ્યા પણ રેહવા પામી નથી. જ્યોતિગ્રામ યોજના શરૂ થઇ તે પેહલા ગ્રામ્ય અર્થતંત્ર વારવાર ખોરવાઇ જતું હતું નીચી ગુણવતાના વીજપુરવઠાની ગ્રામ્ય વિસ્તારો ત્રસ્ત થય જતા હતા. આ સ્થિતિમાં દૈનિક જીવન અને આર્થિક પ્રવૃતિ અશક્ય બની ગઇ હતી. મહિલાઓને હમેશા ઘરવપરાશ માટે પાણીનો સંગ્રહ કરવાની ચિંતા રહતી હતી. ખાસ કરીને ગુજરાતમાં કાળઝાળ ઉનાળા દરમયાન બપોરના સમયે પંખાઓ નહી ચાલવાથી અશહ્ય ગરમીનો સમનો કરવો પાડતો હતો પરંતુ જ્યારથી જ્યોતિગ્રામ યોજનનો અમલ થતાની સાથે આ બધી અનિશ્ચિતતાનો અંત થવા પામ્યો છે. અને ગ્રામ્ય લોકોનું જીવન ધોરણમાં સુધારો થયો છે.

2. ગ્રામ્ય અર્થતંત્રમાં પરિવર્તન :-

જ્યોતિગ્રામ યોજના એ બિન ખેતી વ્યાવસાયિક પ્રવૃતિઓ માટે ભારે લાભદાયી પુરવાર થવા પામી છે. અવિરત વીજપુરવઠાના કારણે આવકનાં નવાં સાધનો અને રોજગારી ઉભી થવા લાગી છે. અનાજ દળવાની ઘંટીઓ તેમજ રાઇસ મિલ જેવા બિનખેતી વ્યવસાય ચલાવવા માટેનો ખર્ચ ઘટી ગયો છે. જેનું કારણ એ પણ છે કે ઓછા વીજ વપરાશ દ્વારા આ કામ કરી શકે છે. જે ૨૪ કલાક થી ફેઇઝ વીજ પુરવઠાના કારણે શક્ય બન્યું છે.

3. કૃષિ ક્ષેત્રે આવેલ પરિવર્તનો:-

ગ્રામીણ વિસ્તારના મોટાભાગના લોકો ખેતી ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. જ્યારે વીજળી પુરતા પ્રમાણમાં મળતી ન હતી ત્યારે ગ્રામીણ વિસ્તારમાં મોસમી ખેતી કરવામાં આવતી હતી અને જ્યાં તળાવો, નદીઓવગેરે સ્થાનેથી મશીન દ્વારા અથવા તો અન્ય પધ્ધતીનો ઉપયોગ કરી ખેતરમાં પાણી મુકવામાં આવતું હતું પરતું ત્યારે પણ પુરતા પ્રમાણમાં પાક લઇ શકાતો ન હતો.જેનુ એક કારણ એ પણ હતું કે પાણી હોવા છતા વીજળી ની સુવિધા ન હોવાના કારણે ઇલેક્ટ્રીક મોટરોનો પુરતા પ્રમાણમાં ઉપયોગ થય શક્તો ન હતો. પરતું જ્યારથી જ્યોતિગ્રામ યોજના અમલમાં આવી અને બીન કૃષિ ક્ષેત્ર ને ૨૪ કલાક વિજળી અને ખેતીના ઉપયોગ માટે ૮ કલાક ૩ ફેઇઝ વિજળી મળતી થય છે ત્યારથી કૃષિ ક્ષેત્રે પરિવર્તન આવયું છે. કૃષિક્ષેત્રે ઉત્પાદન વધવામાં લાગ્યું છે ખેતી ક્ષેત્રે આધુનિક સાધનોનો ઉપયોગ તેમજ આધુનીક પધ્ધતીનો ઉપયોગ થવા લગયો છે જેથી ખેતી કરતા ખેડુતો નો વિકાસ થવા લગ્યો છે અને તેના કારણે ગ્રામીણવિસ્તારની સાથે સાથે ગુજરાત રાજ્ય અને ભારત દેશનો પણ વિકાસ થવા લાગ્યો છે.

4. રોજગારી:-

ગામીણ ક્ષેત્રે વસતા લોકોને ઘર આંગણે જ્યોતિગ્રામ યોજના આવવાથી ગૃહ ઉધોગ સ્થાપવામાં આવ્યા છે જેના કારણે રોજગારી અને આવક વધારો થવા લાગ્યો છે. તેની સાથે સાથે ગ્રામીણ વિસ્તારમાં સખી મંડળો દ્વારા ગૃહ ઉધોગો શરૂ કરવામાં આવ્યા અને તેમા વીજ ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો જેના કારણે ઓછા સમયગાળામાં અને ઓછા ખર્ચે ઉત્પાદન વધવા લાગ્યું પરિણામે આવક વધી અને રોજગારીનું પ્રામાણ પણ વધયું છે. આમ ગ્રામીણ વિસ્તારમાંજ રોજગારીનું સર્જન થવા લાગ્યું છે.

5. સંદેશાવ્યવહાર ક્ષેત્રે:

ગામે ગામ વીજ પુરવઠો પોહચી ગયો હોવાથી ગ્રામીણ વિસ્તારમાં પણ સંદેશાવ્યાવહારની સુવિધામાં સુધારો થાવા પામ્યો છે. ગામે ગામ મોબાઇલ ટાવરો આવી ગયા હોવાથી દરેકના ઘરેમોબાઇલ ની સુવિધા આવી ગઇ છે. ગ્રામીણ વિસ્તારમાં પણ ઇન્ટરનેટ



Principal
Govt. Arts, Commerce & Science College
Khergam, Dist. Navsari.

VERIFIED

Scanned with OKEN Scanner

સેવા ઉપલબ્ધ થય ગઇ છે. લોકો આધુનીક ટેક્નોલોજીનો ઉપયોગ કરતા થય ગયા છે. જેનું એક કારણ ઘરે ઘરે વીજળી પોહચી એ પણ છે.

6. શિક્ષણ ક્ષેત્રે :-

જ્યારે અનિયમિત વિજળી ગ્રામ્યવિસ્તારમાં મળતી હતી ત્યારે શાળાના શિક્ષકો અને વિધાર્થીઓએ શિક્ષણ કાર્ય માટે ઉપયોગી સધનો જેવા કે લેબોરેટરીનાં સાધનો, કોમ્પ્યુટર,ટેલીવીઝન વગેરેનો ઉપયોગ કરવા માટે વીજળીની રાહ જોવા પડતી હતી. પરંતુ જ્યારથી જ્યોતિગ્રામ યોજનાનો આરંભ થયો ત્યારથી શિક્ષણ માટે ઉપયોગી ઉપકરણોનો જે-તે સમયે ઉપયોગ કરવામા આવતા શિક્ષણની ગુણવતામાં સુધારો થયો છે. બાળકો શાળાએ આવતા થયા છે. શાળા છોડી જતા બળકોના પ્રમાણમાં ઘટાડો થયો છે. તેમજગ્રામીણ વિસ્તારના બાળકોને પણ હવે શાળામાં આધુનીક ટેક્નોલોજીથી અભ્યાસ કરાવનો મોકો મળી રહયો છે જેના કારણે ગ્રામ્ય વિસ્તારનો સક્ષરતા દર વધયો છે. ગ્રામીણ વિસ્તારના બાળકો પણ આધુનિક ઇલેક્ટ્રોનિક સાધનોનો ઉપયોગ કરીની ને દેશ વિદેશનીઅને શિક્ષણને લગતી માહિતી મેળવીને તૈયારીઓ કરી ઉચ્ચ શિક્ષણ મેળવી આગળ વધી રહ્યા છે.અને સારી જગ્યા પર નોકરી કરી રહ્યા છે.

7. આરોગ્ય ક્ષેત્રે :-

ગ્રામીણ વિસ્તારના લોકોને પ્રાથમીક સારવાર ગ્રામ્ય વિસ્તારમાંજ મળી રહે તે માટે સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલમાં મુકાવામાં આવી છે. પરંતુ અનેક કારણો- સર ગ્રામીણ વિસ્તારમાં આ બધી સુવિધાનો લાભ લય શકાતો ન હતો અને આધુનીક સાધનોનો ઉપયોગ કરી શકાતો ન હતો તેનું મુખ્ય કારણ ગ્રામીણ વિસ્તારમાં અમર્યાદિત વીજળીનો પુરવઠો પણ હતું. પરંતુ જ્યારથી જ્યોતિગ્રામ યોજના અમલમાં આવી ત્યારથી ગ્રામીણ વિસ્તારમાં પણ પુરતી સારવાર મળી રહે છે અને આધુનીક સાધનોનો ઉપયોગ થવા લાગ્યો છે જેના પરિણામે ગ્રામીણ વિસ્તારમાં રેહતા લોકોનું સ્વાસ્થયમાં સુધારો થયો છે. સંચારના માધ્યમો દ્વારા પણ હવે ગ્રામ્ય વિસ્તારના લોકો આરોગ્ય સંબંધિત માહિતી મેળવી ને જાગૃત થવા લાગ્યા છે.

અન્ય પરિવર્તનો :-

- સાંસ્કૃતિક ક્ષેત્રે પણ પરિવર્તન આવવા પામ્યું છે હવે ગ્રામીણ વિસ્તારના લોકો મનોરંજન માટે નવા નવા ઉપકરણો નો ઉપયોગ કરતા થયા છે જેવા કે ટી.વી.,રેડિયો, આધુનીક સાઉન્ડ સિસ્ટમ,પ્રોજેકટર વગેરે સધનોનો જે વીજળીથી ચાલે છે તેનો ઉપયોગ કરતા થયા છે.
- ગ્રામીણ સ્ત્રીઓશિક્ષણ, મનોરંજન, સામાજીક અને આવક વૃદ્ધિ અંગેની પ્રવૃતિ પાછળ સમય ફાળવતી થય છે.
- મહાત્મા ગાંધીજીનું ગ્રામો ઉધ્ધારોનું સ્વપ્ન સાકાર કરવામાં આ યોજનાએ મહત્વની ભૂમિકા ભજવી છે.
- જ્યોતિગ્રામ યોજનાથી ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર વચ્ચે અસમતુલા ઘટવા લાગી છે.
- જ્યોતિગ્રામ યોજનાના કારણે શાળાઓ, પ્રાથમીક આરોગ્ય કેન્દ્રો, ડેરી સહકારી સંસ્થાઓની કામગીરીમાં નોંધપાત્ર સુધારો થવા લાગ્યો છે.
- શહેરની સુવિધાઓ ધીમે ધીમે ગામ્ય વિસ્તારમાં મળવા લાગી છે જેના કારણે સ્થળાંતારનું પ્રામાણ ઘટવા લાગ્યું છે.
- જ્યોતિગ્રામ યોજના એ ' હરિયાળી કાંતિ ' અને ' શ્વેત કાંતિ 'પછીની એક સંપૂર્ણ કાંતિ તરીકે વિકાસ પામી છે.

સંદર્ભે સૂચી :

1. ગુજરાત વિર્ધુત બોર્ડ અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના વિવિધ અહેવાલો
2. સામાજિક – આર્થિક સમિક્ષા,૨૦૧૭-૧૮ ગુજરાત રાજ્ય
3. http://chitralekha.com/news/gujarat/gujarat-jyotigram-yojna/
4. http://gnanbhandar.com/blog/2016/01/31/
5. https://en.wikipedia.org/wiki/Jyotigram_Yojana

Principal
Govt. Arts, Commerce & Science College
Khergam, Dist. Navsari.
Code No. : 630

VERIFIED



Scanned with OKEN Scanner